ગાંધીનગર સમાચાર

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ કુંભ**

**આજના ગ્રહોની કુંડળી**

| | | |
|---|---|---|
| ૧૨ કેતુ | ૧૧ ચંદ્ર | બુધ - વક્રી ૧૦ સૂર્ય |
| ૧ | | ૯ |
| ૨ | | શુક્ર ૮ શનિ |
| ૩ | વક્રી ગુરુ ૫ | મંગળ ૭ |
| ૪ | | રાહુ ૬ |

રાહુ ત્રીસમી સિંહ રાશિમાં પ્રવેશે છે. ગુરુ સાથે ચાંડાલ યોગ થાય છે. સિંહથી મીન રાશિમાં બધા જ ગ્રહો આવી જતા હોઈ શુભ માલાયોગ થાય છે. રાત્રે દસ ને સોળ મિનિટે ચંદ્ર રાશિ બદલે છે. મીનનો થાય છે. સૂર્ય રાત્રે દોઢ વાગે મકરમાં આવે છે.

**મેષ** આઠમે શનિની પનોતી શુક્ર સાથે હોઈ શનિની ખરાબ અસરો ઓછી થશે. દસમે વક્રી બુધ શેર-સટ્ટા - વેપારમાં ખોટા નિર્ણયો લેવડાવી નુકસાન કરાવે. સંતાનો પ્રશ્નો ઉભા કરે.

**વૃષભ** કૌટુંબિક પ્રશ્નોના નિકાલમાં દિવસ પસાર થાય. જાગૃત રહીને પ્રશ્નો ઉકેલવા. કૌટુંબિક પ્રશ્નોના નિરાકરણમાં જરૂર પડે અન્યોની મદદ લેશો તો પરિણામ સારું આવશે.

**મિથુન** ચાર-પાંચ-છ-સાતમાં સ્થાનમાં પાપગ્રહો આવેલ છે. તંદુરસ્તીને જોખમમાં મૂકે. ધ્યાન રાખવું - સંતાન પોતાના લક્ષ્યમાં વિચલિત થાય. સંતાનને એકાગ્રતા કેળવવા કરેલું.

**કર્ક** ગુસ્સાને આવેશમાં લાવીને પ્રજ્વલિત ન કરશો. શક્ય હોય તો લોકસંપર્ક ટાળો - સંતાનોના પ્રશ્નો ઉકેલવામાં વડીલોની મદદ મળે. પત્નીથી સુખ.

**સિંહ** સૂર્ય રાશિ બદલતો હોઈ સૂર્ય - ગુરુનો પરિવર્તન યોગ પુરો થાય છે. આજે વક્રી બુધ ધનમાં પ્રવેશસે. યોગો બહુ સારા નથી. વિચારવાયુમાંથી મુક્ત ન થવાય.

**કન્યા** રાશિમાં રાહુને ચોથે વક્રી બુધ સારું ફળ ના આપે. માતા પિતાના સુખમાં વિઘ્ન આવે. કૌટુંબિક પ્રશ્નો જલદી ના ઉકેલાય. શાંતિ રાખવી.

**તુલા** બારમે ગુરુ - રાશિમાં મંગળ - બીજે શનિ વાચરવાની શક્તિ કુંઠિત કરી દેશે. બધા જ પાપગ્રહોની અસર હેઠળ છો - ઈષ્ટદેવની ભક્તિ કરી આ ખરાબ સમય પસાર કરવો હિતાવહ છે.

**વૃશ્ચિક** બારમે રાશિપતિ મંગળ અવિચારી સાહસ કરવા પ્રેરે. ધ્યાન રાખીને ચાલવું નહીં તો આર્થિક નુકસાન ચોક્કસ આવશે. ક્રોધ પર કાબુ રાખવો.

**ધન** રાશિમાંથી આજે સૂર્ય બદલાય છે - ભીજે ચંદ્ર ભાગ્ય યોગ કરાવે છે. આકસ્મિક ધનલાભ થશે. પરંતુ અણધાર્યા ખર્ચમાં આવેલ લાભ ભણાઈ જાય.

**મકર** વક્રી બુધ સૂર્ય સાથે ખોટાં સાહસ ન કરાવે તેનું ધ્યાન રાખવું. સટ્ટા - શેરમાં ન પડવું - ખોટ જશે. ધ્યાન રાખીને વેપાર કરવો.

**કુંભ** રાશિમાં ચંદ્ર ગુરુથી દ્રષ્ટ છે. દિવસ સારો જશે. પડવા વાગવાથી સંભાળવું. સંતાનોની કાળજી રાખવી. પડવા વાગવાના યોગો છે.

**મીન** આખો દિવસ બારમે ચંદ્ર રહે છે. રાત્રે ચંદ્ર બદલાય છે. આઠમે મંગળ - સાતમે રાહુ પડવા - વાગવાના યોગો ઉભા કરે છે જ લોહી નીકળવાના યોગ છે. કાળજી રાખવી.



## એમીલ ફાર્માસ્યુટીકલ્સ પ્રસ્તુત કરે છે આયુર્વેદિક એન્ટી-ડાયાબીટીક ડ્રગ

એમીલ ફાર્માસ્યુટીકલ્સ (ઈન્ડીયા)લી., ભારતની અગ્રણી આયુર્વેદિક ફાર્માસ્યુટીકલ કંપનીએ **BGR-34** પ્રસ્તુત કરેલ છે. જે દેશનું સર્વપ્રથમ એન્ટી-ડાયાબિટીક આયુર્વેદિક ડ્રગ, **DPP4** અવરોધક પ્રવૃત્તિ સાથે છે. ટાઈપ ૨ ડાયાબિટીસ મલીટસ માટે રચાયેલ તેની અસરકારકતા અને સુરક્ષા માટે વૈજ્ઞાનિક રીતે પ્રમાણિત કરવામાં આવી છે. **BGR-34** ને લખનૌ સ્થિત ભારત સરકારના નેશનલ બોટેનીકલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ (**NBRI**) અને સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ફોર મેડીસીનલ એન્ડ એરોમેટિક પ્લાન્ટસ (**CIMAP**), **CSIR** ના સંશોધન એકમો દ્વારા સંયુક્તપણે વિકસિત કરવામાં આવેલ છે. એમીલ ફાર્માસ્યુટિકલ્સ (ઈન્ડીયા)લી.ને એના હકો અને ટેકનીકલ જાણકારી ઉત્પાદન તેમજ તબીબી ઉપયોગ માટે માર્કેટિંગ તબદીલ કરવામાં આવ્યા છે. જનતાને એના વ્યાપક ફાયદા પહોંચડવા માટે વૈશ્વિક નવીનતમ **DPP4** અવરોધકોની તુલનામાં **BGR-34** ની કિંમત રૂ. ૫ પ્રતિ ટેબ્લેટ ઠરાવવામાં આવી છે. **NBRI & CIMAP** ના વૈજ્ઞાનિકોએ, ટાઈપ-૨ ડાયાબિટીસ મેલીટસના પ્રબંધન માટે એક અસરકારક, સુરક્ષિત, દર્દીલક્ષી ઉપાય વિકસિત કરવા માટે સહયોગ કર્યો. તેઓ ૫૦૦ કરતા પણ વધુ વિખ્યાત પૌરાણિક ઔષધિઓનું ઊંડુ જ્ઞાન ધરાવે છે અને આખરે વિવિધ દર્દી અને અસરો માટે આયુર્વેદના પૌરાણિક ગ્રંથોમાં જણાવેલ ૬ શ્રેષ્ઠ ઔષધિઓને ઓળખી કાઢી, જેમના નામ છે. દારૂહરીદ્ર, ગીલોય, વિજયસાર, ગુદમાર, મજીઠ અને મેથીકા જેમને વિવિધ પ્રમાણો અને સંખ્યામાં ભેગા કરીને મહેનતથી પ્રક્રિયા કરી એક અદ્ભુત એન્ટી-ડાયાબિટીક મિશ્રણ તૈયાર કરવામાં આવ્યું. યોગ્ય પ્રમાણ સ્થાપિત કરવા માટે આ ઔષધિઓને વધુમાં ઓપ્ટીમાઈઝેશન અભ્યાસમાંથી પસાર કરવામાં આવી.



### લાગણીનો મેળો ● ૪ પાનાનું ચાલુ...

ગુહકને ભેટતાં જરા પણ આંચકો ખાધો ન હતો, અને જેણે - બુદ્ધાવતારમાં કુલીનોનાં આમંત્રણ ઠેલીને એક વેશ્યાનું નિમંત્રણ સ્વીકારેલું, તથા જેમને માટે એ પ્રભુ ફરી ફરીને અવતાર ધારણ કરે છે એવા અધમ અને દલિતો માટે સમસ્ત જીવનનું બલિદાન આપો! દિનપ્રતિદિન અધમ અવસ્થામાં ઊતરતા જતા આ કરોડો લોકોની મુક્તિ માટે આખું જીવન સમર્પણ કરવાનું વ્રત લો ! આ એક દિવસનું કાર્ય નથી અને તેનો માર્ગ ભયંકર મુશ્કેલીઓથી ભરેલો છે પણ આપણે જાણીએ છીએ કે ભગવાન આપણા સારથિ થવા તૈયાર છે. તેમનામાં શ્રદ્ધા રાખીને, યુગોથી ભારત ઉપર ખડકાયેલી વિપત્તિઓના પહાડને સળગાવી મૂકો. બંધુઓ ! આ કાર્ય વિરાટ છે. અને આપણે ઘણા નિર્બળ છીએ. પણ આપણે જ્યોતિના પુત્રો છીએ. આપણે સફળ થઈશું જ. આ જંગમાં સેંકડો ખપી જશે પણ બીજા સેંકડો આ કાર્યને હાથ ધરવા તૈયાર થઈ જશે.

ઉઠો જાગો અને ધ્યેયપ્રાપ્તિ સુધી મંડ્યા રહો.

AWAKE ARISE AND NOT STOP TO REACH TILL THE GOAL.

- Rasikvaland1965@gmail.com

# નવી પાક વિમા યોજનાને મંજુરી

## મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મહત્વનો નિર્ણય : અનાજ અને તેલિબિયા માટે ખેડૂતના પ્રિમિયમ બે ટકા અને હોર્ટિકલ્ચર અને કપાસ પાક માટે ખેડૂત પ્રિમિયમ પાંચ ટકા સુધી રાખવાને મંજુરી મળી ગઈ

નવીદિલ્હી, તા.૧૩

સતત બે વર્ષ સુધી દુષ્કાળની સ્થિતિનો સામનો કર્યા બાદ કેન્દ્ર સરકારે આજે પાક વિમા સ્કીમને લીલીઝંડી આપી દીધી હતી. આ સ્કીમ હેઠળ ખેડૂતોના પ્રિમિયમ અનાજ અને તિલિબિયા માટે મહત્તમ બે ટકા અને હોર્ટિકલ્ચર, કપાસના પાક માટે મહત્તમ પાંચ ટકા રહેશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મહત્વના પાસા ઉપર ચર્ચા કરાઈ હતી. પ્રધાનમંત્રી ફસલ બિમા યોજનાને લીલીઝંડી આપવામાં આવી હતી. આની ઉત્સુકતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી. આ વર્ષે ખરીફ સિઝનથી આ સ્કીમ શરૂ થનાર છે. પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના પ્રવર્તમાન બે સ્કીમ નેશનલ એગ્રીકલ્ચર ઈન્સ્યુરન્સ સ્કીમ અને સાથે સાથે સુધારવામાં આવેલી નેશનલ એગ્રીકલ્ચર ઈન્સ્યોરન્સ સ્કીમની જગ્યા લેશે. આ બંને સ્કીમોને લઈને કેટલીક દુવિધા દેખાઈ રહી હતી. સૂત્રોએ કહ્યું છે કે, કેબિનેટે નવી પાક વિમા સ્કીમ અંગે કૃષિ મંત્રાલયની દરખાસ્તને લીલીઝંડી આપી દેવામાં આવી છે. સૂત્રોએ કહ્યું છે કે, અનાજ અને તેલિબિયાના પાક માટે ૧.૫-૨ ટકા વચ્ચે ખેડૂત પ્રિમિયમને મંજુરી અપાઈ છે જ્યારે હોર્ટિકલ્ચર અને કપાસના પાક માટે પાંચ ટકાને મંજુરી અપાઈ છે.

ફાર્મર્સ પ્રિમિયમ અથવા તો ખેડૂત પ્રિમિયમ રવિ અનાજ અને તેલિબિયાના પાક માટે ૧.૫ ટકા રહેશે જ્યારે ખરીફ અનાજ અને તેલિબિયા પાક માટે બે ટકા રહેશે. કૃષિ અને કપાસ પાક માટે બંને સિઝન માટે કૃષિ પ્રિમિયમ ૫ ટકા સુધી રહેશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા મુજબ પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના પ્રવર્તમાન આશરે ૨૫-૨૭ ટકા પાક વિસ્તારથી આગળ વધીને ૫૦ ટકા લોકોને આવરી લેશે. ૧૯૪.૪૦ મિલિયન હેક્ટરના કુલ પાક વિસ્તાર પૈકી ૫૦ ટકાને આવરી લેશે. ખર્ચ આશરે ૯૫૦૦ કરોડ રહે તેવી શક્યતા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પ્રધાનમંત્રી ફસલ બિમા યોજનામાં નક્કી કરવામાં આવેલી રકમના ઘટાડા અને પ્રિમિયમ પર કોઈ મર્યાદા રહેશે નહીં. ઉપરાંત સંભવિત ક્લેઈમની ૨૫ ટકા રકમ ખેડૂતના ખાતામાં સીધીરીતે જમા થશે. દરેક રાજ્યમાં એક જ વિમા કંપની રહેશે. ખાનગી વિમા કંપનીઓ કૃષિ ઈન્સ્યોરન્સ કંપની સાથે મળીને આ સ્કીમને અમલી બનાવશે.

# મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાયો

મહેસાણા, તા. ૧૩

મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજવામાં આવ્યો હતો. આ પતંગ મહોત્સવ ઉદ્ઘાટન પ્રસંગે સાંસદશ્રી જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતું કે, ઉત્તરાયણનું પર્વ એ ઉર્ધ્વ ગતિનું પર્વ છે. ગુજરાતમાં આ પર્વ ખૂબ ઉલ્લાસ સાથે ઉજવાય છે. માનજીવનમાં ઉન્નતિની પ્રવૃત્તિ એકદમ સહજ છે. પતંગનું આ પર્વ પણ ઉન્નતિના પ્રતિક સમાન છે. એટલે જ ઉડાન-ઉન્નતિનું પર્વ કહેવામાં આવે છે. આ ઉપરાંત આ પર્વ મનુષ્યની ઉન્નતિની સાહસિક પ્રવૃત્તિના પ્રતિક સમાન છે તેમ જણાવ્યું હતું.



પતંગ મહોત્સવમાં સૂર્યનારાયણની ઉર્ધ્વ ગતિ-પતંગની ઊંચી ઉડાનની જેમજ સમાજજીવન વિકાસની ગતિ પ્રગતિને નવી ઊડાન-ઉર્ધ્વ ગતિ આપવા પ્રેરક આહવાન કરે છે. ગુજરાતમાં પતંગ ઉદ્યોગ અનેક પરિવારોનો આર્થિક આધાર બન્યો છે. પતંગના આ તહેવાર થકી રૂ. ૭૫૦ કરોડનો કારોબાર પતંગ બનાવટના ગૃહ ઉદ્યોગ થકી નવો ઊજાસ આપે છે.

મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે યોજાયેલ પતંગ મહોત્સવમાં ભારત, કુરાકાઓ, મલેશિયા, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, ટર્કી, સહિત કેરાલા રાજ્યના ૩૧ પતંગબાજોએ ભાગ લીધો હતો. ગુજરાત પ્રવાસન નિગમ આયોજિત આ પતંગોત્સવમાં વિશ્વના દેશો તથા ભારતના રાજ્યોના પતંગબાજો પતંગ ઉડાડ્યા હતા. આ પતંગબાજોનું મહાનુભાવો અને નગરજનોનું અભિવાદન ઝીલ્યું હતું. આંતરરાષ્ટ્રીય પતંગબાજો તેમની અવનવી પતંગોને ચગાવીને મોઢેરાના આકાશને રંગીન બનાવી દીધું હતું. આ પતંગોઅનેતેમના કરતબોજોવા જિલ્લાના લોકો મોઢેરા ખાતે આવ્યા હતા.

આ પતંગ મહોત્સવમાં ઉપસ્થિત કુરાકાઓની પતંગબાજ રેનીલે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય દેશ વિદેશના પ્રવાસીઓનું માનીતુ સ્થળ બન્યું છે. આ પતંગ મહોત્સવ થકી દેશ અને રાજ્યની સંસ્કૃતિ માણવા મળી છે. રાજ્ય સરકારે જે અમોને આદરભાવ આપ્યો તે બદલ તેમનો આભાર માનીએ છીએ.



પતંગ મહોત્સવના કાર્યક્રમમાં મહિલા આયોગના ડિરેક્ટર શ્રીમતી અંજનાબહેન પટેલ, અધિક કલેક્ટર રમેશ મેરજા, પ્રાન્ત અધિકારી એચ.એસ. પટેલ, જિલ્લા પુરવઠા અધિકારી, કાર્યપાલક ઈજનેર એમ.એમ. પંડ્યા, મોઢેરાના સરપંચ સહિત જિલ્લાના પતંગ પ્રેમીઓ, અધિકારીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રૂપાલ અને આગીયોલ ગ્રામ પંચાયતનું પરિણામ જાહેર

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગર તાલુકાના રૂપાલ ગ્રામ પંચાયતના સરપંચ તથા આગીયોલ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૮ અને ૯ના સભ્ય માટે યોજાયેલી ચૂંટણી માટે મંગળવારે મામલતદાર કચેરીમાં મતગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. રૂપાલ ગ્રામ પંચાયતના સરપંચ તથા આગીયોલ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૮ અને ૯ના વિજયી બનેલા ઉમેદવાર અને ટેકેદારોએ વિજયોત્સવ મનાવ્યો હતો.

આ અંગે હિંમતનગરના મામલતદાર એચ.કે. ગઢવીની રાહબરી હેઠળ ગત તા. ૧૦મી જાન્યુઆરીના રોજ રૂપાલ ગ્રામ પંચાયત અને આગીયોલ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૮ અને ૯ના સભ્ય માટે ચૂંટણી યોજાઈ હતી. મંગળવારે સવારે ૮ કલાકે મામલતદાર કચેરી ખાતે મતગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં રૂપાલ ગ્રામ પંચાયતના સરપંચ માટે ઉમેદવારી કરનાર અશોકભાઈ જેઠાભાઈ પ્રણામીને ૩૧૫, કંકુબેન વિનોદભાઈ સોલંકીને ૩૪, દિનેશકુમાર સવજીભાઈ સોલંકીને ૭૮૪, પ્રવિણભાઈ ગોવિંદભાઈ વણકરને ૧૯૧ તથા રજનીભાઈ ગોવાભાઈ પ્રણામીને ૨૦૦ મત મળ્યા હતા. આમ સૌથી વધુ મત દિનેશકુમાર સવજીભાઈ સોલંકીને સૌથી વધુ મળતા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જયારે આગીયોલ ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૮માં પટેલ પિનાકીનભાઈ પટેલને ૧૪૦, જયારે વોર્ડ નં. ૯માં નૈલેષકુમાર રમણભાઈ પટેલને ૧૭૦ મત મળતા સભ્ય તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. મંગળવારે સવારે મામલતદાર કચેરીમાં શાંતિપૂર્ણ માહોલમાં મતગણતરી પ્રક્રિયા સંપન્ન થઈ હતી. જેમાં વિજયી બનેલા ઉમેદવાર અને ટેકેદારોએ વિજયોત્સવ મનાવ્યો હતો.



હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે જાહેર માર્ગો પર પાણી ભરાઈ રહેતા સ્થાનિક રહીશો પરેશાન થઈ ઉઠ્યા છે. છેલ્લા કેટલાક સમયથી ગામના માર્ગો પર વહેતા પાણીથી ખાબોચિયા ભરાઈ ગયા છે જેના કારણે કાદવકિચડનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે જેથી આ માર્ગો પર અવરજવર કરતા લોકો પણ ત્રસ્ત પામ્યા છે. મુખ્ય રોડ અને ગામની અમુક શેરીઓ પણ ગંદકીથી ખદબદ રહેતી હોવાથી રહિશોના આરોગ્ય પર ખતરાના મંડાણ મંડાઈ રહ્યા છે. ગંદા પાણીના લીધે ગામમાં પાણીજન્ય રોગચાળો ફેલાવાની આશંકા સેવાઈ રહી છે. ગ્રામપંચાયત દ્વારા મળતા પાણીનો બગાડ કરી જાહેરમાર્ગો પર પાણીને ખુલ્લામાં વહેતુ હોવાથી માર્ગો પર ગંદકી ફેલાઈ રહી છે જેના લીધે મચ્છર માખીનો ઉપદ્રવ વધવાના કારણે લોકોના આરોગ્ય સામે જોખમ ઉભુ થયુ છે ત્યારે ગ્રામ પંચાયત દ્વારા પાણીના બગાડને નિયંત્રિત કરી સત્વરે પગલાં લઈ યોગ્ય કાર્યવાહી કરે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.



શહેરની સે-૭ પોલિસ દ્વારા એક વાહનચોર ઝડપી લેવામાં આવ્યો છે. આ વાહનચોરની સઘન પુછપરછ કરાતા શહેરના ૭ તથા અન્ય સહિત કુલ ૯ વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

# હિંમતનગર અને પ્રાંતિજ તાલુકામાં ત્રણ ચોરીમાં સંડોવાયેલો શખ્સ રપકડાયો

હિંમતનગર, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ઘરફોડ અને વાહન ચોરીના બનાવો વધી રહ્યા છે ત્યારે હિંમતનગર બી-ડીવીઝન પોલીસે શકને આધારે હિંમતનગર તાલુકાના આગીયોલ ગામના એક શખ્સને સોમવારે હિંમતનગરમાંથી જ ઝડપી લીધો હતો. જેની પુછપરછ કરાતા તેણે હિંમતનગરની બે અને પ્રાંતિજ તાલુકાના ઘડી ગામની એક ચોરીમાં સંડોવાયેલો હોવાનું કબુલ્યુ હતુ. જેથી પોલીસે રૂ. ૭૭ હજારનો મુદ્દામાલ કબજે લઈ પોલીસે તેને મંગળવારે હિંમતનગરની કોર્ટમાં રજુ કરતા ન્યાયાધીશે તેના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

આ અંગે બી-ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ડી.ડી. પરમારના જણાવ્યા મુજબ હિંમતનગરના બગીચા વિસ્તારમાં આવેલ યાત્રિકકુમાર પ્રકાશચંદ્ર રાવલના બંધ મકાનમાંથી રૂ. ૩૫ હજાર રોકડ અને એલઈડી ટીવી સહિત રૂ. ૧.૭ લાખથી વધુની મત્તાની ચોરી થઈ હતી. ઉપરાંત હિંમતનગર સિવિલમાંથી તા. ૮-૧૨-૧૫ના રોજ એલઈડીની અજાણ્યો શખ્સ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે પોલીસ ચોપડે બંને ઘટનાઓ નોંધાઈ હતી.

દરમિયાન સોમવારે હિંમતનગરના સ્ટેશન રોડ પરથી શકને આધારે પીએસઆઈ ડી.ડી. પરમારે કેતન ઉર્ફે કનૈયાલાલ ડાહ્યાલાલ મહેતા (રહે. આગીયોલ)ને ઝડપી લીધો હતો. ત્યારબાદ પોલીસે તેની પુછપરછ કરતા તેણે કબુલ્યુ હતુ કે હિંમતનગર સિવિલમાંથી એલઈડીની ચોરી કરતા અગાઉ તે દર્દી તરીકે દાખલ થયો હતો. ત્યારબાદ રેકી પણ કરી હતી અને તેને આધારે બગીચા વિસ્તારમાંથી ઘરફોડ ચોરી અને સિવિલમાંથી એલઈડીની ચોરી કરી હતી. ઉપરાંત તેણે પ્રાંતિજ તાલુકાના ઘડી ગામે થોડા સમય અગાઉ એક બંધ મકાનમાંથી કેટલાક વાસણોની ચોરી કરી હતી. તેની પણ કબુલાત કરતા પોલીસે મંગળવારે હિંમતનગરની ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં રજુ કરતા ન્યાયાધીશે તેના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતા.

### પતંગોથી છવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરમિયાન આકાશમાં રંગબેરંગી પતંગોના યુધ્ધ વચ્ચે ઉડાન ભરતા નિર્દોષ પક્ષીઓને પણ ઈજા થતી હોવાના કિસ્સાઓ બને છે. જયારે પક્ષીઓને થતી ઈજાને અટકાવવા માટે સાંજે ૫ થી ૭ ના સમયગાળા દરમિયાન પતંગ ન ચગાવવા માટે પણ નગરજનોને અપીલ કરવામાં આવી છે. જયારે ઘાયલ પક્ષીઓને નવી ઉડાન આપવા માટે પક્ષી પ્રમીઓ દ્વારા હેલ્પલાઈન પણ શરૂ કરવામાં આવી છે. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ ઉતરાયણના દિવસે પવનની ગતિ પણ સાનુકુળ રહેતા પતંગ રસિયાઓને મજા પડી જશે.

### ફફડાટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્મચારીઓ, કાર્ડ સ્વીપ કર્યા બાદ પોતાની ઓફિસમાં જવાના બદલે મિત્રોને મળવા જતા કે કેન્ટીનમાં જતાં રહેતા કર્મચારીઓ, ગાડી પાર્ક કરવા જતાં કર્મચારીઓ કે પોતાનું કાર્ડ મિત્રને, વર્ગ-૪ના કર્મચારી કે રોજમદારને આપી હાજરી પુરાવતા ઘણા કર્મચારીઓને આ ચેકિંગ દરમ્યાન પકડવામાં આવ્યા હતા. લગભગ સો જેટલા કર્મચારીઓને વિવિધ અનિયમિતતા બદલ ઝડપી લેવામાં આવ્યા હતા. આવા કર્મચારીઓ સામે પગલાં લેવા માટે જે તે વિભાગને જાણ કરવામાં આવી હતી. ઘણા સમય બાદ સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આવુ સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવતા કર્મચારીઓ પર માનસિક દબાણ ઉભુ કરવાનો અને તેઓને નિયમિત બનાવવાનો પ્રયાસ કરાયો હતો.

### અધિકારીઓ નિમાયા.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રેતી સહિતની ખનીજોના ખનન માટે પરવાનગી આપવાના સ્થળો નિયત કરવાની ભલામણ સહિતના મુદ્દાઓની ચર્ચા કરવાની રહેશે. આ ગ્રામસભામાં વિલેજ ડેવલપમેન્ટ પ્લાન અંગે પણ ચર્ચા કરવાની સાથે સાથે ગામમાં પંચાયતની આવકના સ્ત્રોતો વધારવા પર પણ ચર્ચા કરવાની રહેશે. મનરેગાનું લેબર બજેટ પણ આ ગ્રામસભામાં ચર્ચા કરી મંજૂર કરવાનું રહેશે એટલુ જ નહિ પંચાયતની આવક-જાવકના હિસાબો પણ રજુ કરવાના રહેશે. આ ગ્રામસભામાં ગામના વેરા નહિ ભરનારાઓની યાદીનું પણ વાંચન કરવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે. આ ઉપરાંત જનધન યોજના, આકસ્મિક વીમા યોજના, અટલ પેન્શન વિશે પણ લોકોને માહિતી આપવાની રહેશે.

### સુધારણાનું કામ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી પુર્ણ થયા બાદ આગામી દિવસોમાં વર્ષોના અંતે જી આઈ ડી સી વિસ્તારના રસ્તાઓનુ કામ પણ શરૂ કરી દેવામાં આવશે. શહેરમાં નવા સેકટરોના આંતરિક રસ્તાઓનુ કામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. શહેરના રોડનેટવર્ક પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. શહેરી વિસ્તાર ઉપરાંત જિલ્લાના રસ્તાઓના નવિનીકરણના તબક્કાવાર કામો હાથ ધરવામાં આવે છે. ત્યારે સમગ્ર રાજયના વહીવટનો દોરીસંચાર થાય છે તેવા સચિવાલય સંકુલમાં પણ રસ્તાઓની હાલત બદતર બની હતી.

### ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પંજાબના જુદા જુદા શહેરોમાંથી ધરપકડ કરવામાં આવી છે. આતંકવાદ વિરોધી દરોડા પાડીને મોટી સંખ્યામાં ત્રાસવાદીઓની સાથે સાથે જૈશે મોહમ્મદની ઓફિસો પણ સીલ કરવામાં આવી છે જેમાં બહાવલનગર, બહાવલપુર, મુલ્તાન અને મુઝફ્ફરગઢ શહેરનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાઓએ ઓફિસો સીલ કરી દેવામાં આવી છે. પાકિસ્તાન સરકાર પઠાણકોટ હુમલાના મામલામાં સહકાર કરવા માટે ભારતમાં પણ એક ટીમ મોકલી શકે છે. વડાપ્રધાન નવાઝ શરીફના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી.